પિડિયાટ્રીક સર્જરી તેમજ કાર્ડિયોથોરાસીક
વાસ્કયુલર સર્જરીના સુપર સ્પેશીયાલીટી
વિષયોમાં બોન્ડ મુક્તિ આપવા બાબત.

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ એમસીએ/૧૦૧૯/એસએફએસ-૫૪/જ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ 09-09-2019

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા. ૨૬/૫/૨૦૧૪નો ઠરાવ.

(૨) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા.૧૩/૧૦/૨૦૧૪નો ઠરાવ.

<u>આમુખઃ-</u>

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના વંચાણે લીધેલ ક્રમ-(૧) પરના તા.૨૬/૫/૨૦૧૪ના ઠરાવથી રાજયની સરકારી મેડીકલ કોલેજોમાં સુપરસ્પેશીયાલીટી વિષયોમાં પ્રવેશ મેળવતા અને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પાસેથી તેઓના અભ્યાસ પૂર્ણ થયા બાદ ઓછામાં ઓછી બે વર્ષની સરકારી હોસ્પિટલ ખાતે સેવા બજાવવાની બાંહેધરી રૂપે રૂ.૫૦ લાખના બોન્ડ લેવાનું ઠરાવવામાં આવેલ છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઉપર વંચાણેલીધેલ ક્રમ-(૨)ના તા.૧૩/૧૦/૨૦૧૪ના ઠરાવથી બે વર્ષની સરકારી હોસ્પિટલ ખાતેની સેવાને બદલે ત્રણ વર્ષની સરકારી સેવા આપવાનું ઠરાવવામાં આવેલ. સુપર સ્પેશીયાલીટી વિષયોના પ્રવેશ આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર દ્વારા NEET – Superspeciality પ્રવેશ પરીક્ષાના આધારે કરવામાં આવે છે. જેથી કોઇપણ રાજયનો વિદ્યાર્થી આ પ્રવેશ પરીક્ષાના આધારે કોઇપણ રાજયની સરકારી મેડીકલ કોલેજોમાં સુપર સ્પેશીયાલીટી વિષયોમાં પ્રવેશ મેળવી શકે છે. અનુભવે જણાયેલ છે કે સુપર સ્પેશીયાલીટીના પિડિયાટ્રીકસર્જરી તથા કાર્ડિયોથોરાસીક વાસ્કયુલર સર્જરીના વિષયોમાં છેલ્લા વર્ષોમાં વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવતા ન હોવાથી બેઠકો ખાલી રહેવા પામેલ છે.

પિડિયાટ્રીક સર્જરીમાં મોટાભાગની સર્જરી જન્મજાત ખોડખાંપણ હોવાના કારણે કરવી પડતી હોય છે એટલે આવા કેસમાં મેડીકલેઇમ હોવા છતાં સર્જરીનો ખર્ચ કવર થતો નથી. જેથી કરીને ખાનગી હોસ્પિટલોમાં ઓપરેશન બાદ માતા-પિતાએ ખર્ચો ભોગવવો પડે છે. આધુનિક 3D અને 4D સોનોગ્રાફીના જન્મ પહેલાના પરીક્ષણમાં આવનાર બાળકની ખોડખાંપણ દેખાઇ જાય તો આવા ગર્ભનું નિયમ અનુસાર ગર્ભપાત કરી દેવાતો હોય છે. જેથી ઉત્તરોત્તર જન્મજાત ખોડખાંપણથી જન્મતા બાળકોની સંખ્યા પૈસાદાર વર્ગમાં ઘટતી જાય છે.

આનાથી વિપરીત પરિસ્થિતિ સરકારની સિવિલ હોસ્પિટલોની છે. સિવિલ હોસ્પિટલનો કાર્યરત પિડિયાટ્રીકસ સર્જરીનો વિભાગ ગુજરાત રાજયનો એક માત્ર સુપરસ્પેશીયાલીટી વિભાગ છે જયાં ગુજરાત ઉપરાંત આસપાસના રાજયોમાંથી દર્દીઓ સારવાર લેવા આવતા હોવાથી કામનું ભારણ અતિશય છે. પિડિયાટ્રીક સર્જરીને લગતી તકલીફો વધારે ગરીબ વર્ગમાં જોવા મળતી હોવાથી સિવિલમાં દર્દીઓની સંખ્યા ખૂબ જ વધારે છે. જો વિદ્યાર્થી પ્રવેશ ના મેળવે તો આ કામને પહોંચી વળવું મુશ્કેલ છે. જો રેસીડેન્ટ ઉપલબ્ધ થશે નહીં તો ઓપરેશન પહેલા અને ઓપરેશન પછી લેવામાં આવતી કાળજી મુશ્કેલ થશે જેની વિપરીત અસરો પડશે.

Scanned by CamScanner

એવી જ રીતે કાર્ડિયોથોરાસીક વાસ્કુયુલર સર્જરીમાં પણ આધુનિક કાર્ડિયોલોજીની સેવાઓના લીધે સર્જરીની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો જોવા મળેલ છે. આ બધા કારણોસર આજના વિદ્યાર્થીઓમાં પિડિયાટ્રીક સર્જરી તેમજ કાર્ડિયોથોરાસીક વાસ્કુયુલર સર્જરીના સુપર સ્પેશીયાલીટી વિષયોમાં પ્રવેશ મેળવવાની પ્રાથમિકતા સૌથી છેલ્લી હોય છે.

રાજયમાં પિડિયાટ્રીક સર્જરી (Paediatric Surgery) તથા કાર્ડિયોથોરાસીક વાસ્કુયુલર સર્જરી (Cardiothoracic Vascular Surgery) ના સુપરસ્પેશીયાલીટી વિષયોમાં બોન્ડ મુક્તિ આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

પુખ્ત વિચારણાના અંતે સરકારી મેડીકલ કૉલેજોમાં સુપરસ્પેશીયાલીટીના પિડિયાટ્રીક સર્જરી (Paediatric Surgery) તથા કાર્ડિયોથોરાસીક વાસ્કયુલર સર્જરી (Cardiothoracic Vascular Surgery) ના વિષયોમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓ માટે બોન્ડની જોગવાઇ નાબૂદ કરવામાં આવે છે.

આ ઠરાવની જોગવાઇનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ થી કરવાનો રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વી.જી.વણઝારા)
અધિક સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આરોગ્ય)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(આ)ના અંગત સચિવશ્રી, આરોગ્ય અને પ.ક વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ, તબીબી શિક્ષણ અને સંશોધન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી, તબીબી શિક્ષણ અને સંશોધન, ગાંધીનગર.
- નિયામકશ્રી, પોસ્ટ ગ્રેજયુએટ સ્ટડીઝ, બી.જે.મેડીકલ કૉલેજ, અમદાવાદ.
- નિયામકશ્રી, IKDRC, અમદાવાદ / નિયામકશ્રી, GCRI, અમદાવાદ / નિયામકશ્રી, U.N.M.I.C.R.C., અમદાવાદ.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, જી.એમ.ઈ.આર.એસ., ગાંધીનગર.
- તબીબી અધિક્ષકશ્રી, સરકારી મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ- અમદાવાદ, વડોદરા , જામનગર, રાજકોટ ,સુરત, ભાવનગર.
- ડીનશ્રી, સરકારી મેડીકલ કોલેજ કોલેજ, અમદાવાદ વડોદરા, જામનગર, રાજકોટ, સુરત, ભાવનગર.
- તબીબી અધિક્ષકશ્રી, જીએમઇઆરએસ મેડીકલ કૉલેજ સંલગ્ન હોસ્પિટલ- સોલા-અમદાવાદ, ગોત્રી-વડોદરા, ગાંધીનગર, ધારપુર-પાટણ, વલસાડ, જૂનાગઢ, વડનગર, હિંમતનગર.
- ડીનશ્રી, જીએમઇઆરએસ મેડીકલ કોલેજ, સોલા-અમદાવાદ, ગોત્રી-વડોદરા, ગાંધીનગર, ધારપુર-પાટણ, વલસાડ, જૂનાગઢ, વડનગર, હિંમતનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પસંદગી ફાઈલ-૨૦૧૯.

Scanned by CamScanner